ક્રમાંક :રાજ/સીપી/એલ.બી–૨/ટ્રાફીક/ભારે વાહન જાહેરનામું / ૯૯૯૦/૦૯

પોલીસ કમિશ્નર કચેરી
રાજકોટ શહેર, રાજકોટ
તા. ૧ /૬/૨૦૦૯

વંચાણે લીધાઃ– (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃરાજસીપી/એલબી–૨/ટ્રાફીક/
જાહેરનામુ/૨૧૮/૨૦૦૭, તા.૩૧/૧/૨૦૦૭.

જાહેરનામું

રાજકોટ શહેરમાં વધતા જતા ટ્રાફીકના કારણે જાહેરમાર્ગોમાં ટ્રાફીકની ગીચતા થાય છે. અને શહેરમાં વધતી જતી ભારેવાહનોની અવર જવરથી શહેરના રસ્તાઓ સાંકડા પડે છે. અને રસ્તાઓ પર ટ્રાફીક અડચણરૂપ થાય છે. ટ્રાફીક સમસ્યાને નિયંત્રણમાં રાખવાના હેતુસર અત્રેની કચેરીમાંથી આમુખ–(૧)માં દર્શાવેલ નંબર તારીખથી રાજકોટ શહેરમાં ભારેવાહનોનાં પ્રવેશ પ્રતિબંધીત કરતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ. પ્રતિબંધ અંગેનાં જાહેરનામામાં કેટલીક મુક્તિ આપવામાં આવેલ અને સ્પષ્ટ જણાવવામાં આવેલ કે આ મુક્તિ શરતી છે અને ટ્રાફીકની દ્રષ્ટિએ જરૂર જણાયે વગર નોટીસે મુક્તિ પાછી ખેચવામાં આવશે. હાલ રાજકોટ શહેરની વસ્તીમાં ઘણો વધારો થયેલ છે. સાથોસાથ નાના મોટા વાહનોની સંખ્યામાં પણ ખુબજ વધારો થયેલ છે અને ભવિષ્યમાં ખુબજ ઝડપથી વધુ વાહનોનો ઉમેરો થાય તેવી શકયતા છે. જેથી ટ્રાફીક વ્યવસ્થામાં હાલમાં પણ ઘણી મુશ્કેલીઓ પડે છે અને ગંભીર અકસ્માતો થાય છે. તેમજ ભવિષ્યમાં આ સમસ્યાઓ ગંભીરરૂપ ધારણ કરે તેમ છે. જેથી હાલની પરિસ્થિતીને ધ્યાનમાં લઈ ટ્રાફીક સુચારૂ અને સલામત રીતે ચાલે તે હેતુસર રાજકોટ શહેરમાં ભારે વાહનો ( ટ્રક,ટેન્કર,ટેઈલર, ટ્રોલીસાથે ટ્રેકટર તથા ત્રણ ટન થી વધુ કેપેસીટીનાં નાના માલવાહક વાહનો ) ઉપર પ્રતિબંધ ચાલુ રાખવામાં આવે છે પણ નીચે મુજબની મુક્તિ ટ્રાફીકની દ્દષ્ટિએ જરૂર જણાય તો પાછી ખેંચી લેવાની શરતે આપવામાં આવે છે.

પ્રતિબંધ :–

(૧) રાજકોટ શહેર મહાનગરપાલીકા વિસ્તારમાં ટ્રક, ટેઈલર, ટેન્કર, ટ્રોલી સાથે ટ્રેકટર માટે સવારનાં ક.૬–૦૦ (છ) થી રાત્રીના ક.૯–૦૦ (નવ) વાગ્યા સુધી પ્રવેશબંધી ચાલુ રહેશે.

(૨) રેશકોર્ષ રીંગ રોડ ઉપર બહુમાળી ભવન ચોક થી હેડ કવાર્ટર સર્કલ, ન્યુ એન.સી.સી.ચોકથી કિશાનપરા ચોક થી જીલ્લા પંચાયત ચોક થી બહુમાળી ભવન સુધીનાં માર્ગ ઉપર ઉપરોકત વાહનો ટ્રક,ટેઈલર,ટેન્કર,ટ્રોલી સાથે ટ્રેકટર અને ત્રણ ટન થી વધુ કેપેસીટીના નાના માલવાહક વાહનો માટે સવારનાં ક. ૫–૦૦ થીરાત્રીના ક.૧૨–૦૦ સુધી પ્રવેશબંધી ચાલુ રહેશે.

(૩) નાના માલવાહક વાહનો (લાઈટ કોમર્શીયલ વ્હીકલ ) માટે શહેરનાં અન્ય વિસ્તારમાં પ્રવેશબંધી સવારના ક. ૯–૦૦ થી બપોરે ક.૧–૦૦ સુધી તથા સાંજે ૫ થી રાત્રીના ૯ સુધી રહેશે. અન્ય સમયે અવર–જવર કરી શકશે. ત્રણ ટન થી ઓછી કેપેસીટીનાં નાના માલવાહક વાહનો માટે કોઈપણ સમયે પ્રતિબંધ રહેશે નહી.

શરતી મુક્તિ :–

(૧) પેટ્રોલ,ડીઝલ, કેરોસીન,એલ.પી.જી,સી.એન.જી. અને પાણીનાં ટેન્કરો માટે બપોરે ક.૧૧–૩૦ થી બપોરનાં ક.૩–૩૦ વાગ્યા સુધી પ્રવેશબંધીમાંથી મુક્તિ રહેશે. દુધની હેરાફેરી કરતાં ભારેવાહનો ઉપર ૨૪ કલાક કોઈ પ્રતિબંધ રહેશે નહી.

(૨) ઢેબરરોડ સાઉથ અટીકા ઈન્ડસ્ટ્રીઝ એરીયાથી અટીકા ફાટક સુધી સવારના ક. ૬–૦૦(છ) થી સવાર ક.૯–૦૦ અને બપોર ક.૧–૦૦ થી બપોર ક.૪–૦૦ સુધી પ્રતિબંધમાંથી મુક્તિ ચાલુ રાખવામાં આવે છે.

(૩) મવડી રેલ્વે ફાટકથી આનંદ બંગલા ચોક થઈ વિનોદ બેકરીવાળા ચોક સુધી તથા ઉત્તર તરફના ભાગે આવેલ ઈન્ડસ્ટ્રીયલ એરીયા મણીનગર ઉમાકાંત પંડીત ઓધોગીક વસાહત શેરી નં.૬(છ) સુધીનો ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં સવારના ક.૯–૦૦ થી બપોર ક.૧–૦૦ તથા સાંજ ક.૪–૦૦ થી રાત ક.૯–૦૦ સુધી પ્રવેશબંધી રહેશે. અન્ય સમયે ભારે વાહનો માટે પ્રવેશબંધી માંથી મુક્તિ ચાલુ રાખવામાં આવે છે.

(૪) ગોંડલ રોડ બાયુ પાસ સર્કલ થી ગોંડલ રોડ જુના જકાતનાકા સુધીમાં ગેરેજ વિસ્તાર હોવાના કારણે ૨૪ કલાક માટે પ્રવેશબંધી માંથી મુક્તિ ચાલુ રાખવામાં આવે છે.

(૫) ગોંડલ રોડ જકાતનાકા થી પી.ડી.એમ.કોલેજ મવડી ફાટક મકકમ ચોક, લેલન્ડ ટી પોઈન્ટ થી ભક્તિનગર રેલ્વે સ્ટેશન સર્કલ સુધી ભારે વાહનો માટે સવારના ક.૯–૦૦ થી બપોરે ક.૧–૦૦ સુધી તથા સાંજે ક.૪–૦૦ થી રાત્રીના ક.૯–૦૦ સુધી પ્રવેશબંધી રહેશે. અન્ય સમયે પ્રવેશબંધી માંથી મુક્તિ ચાલુ રાખવામાં આવે છે.

(૬) માધાપર ચાર રસ્તા જામનગર રોડ થી ૧૫૦ ફુટ રીંગ રોડ તથા ગોંડલ રોડ બાય પાસ સર્કલ સુધીનો રસ્તો ૨૪ કલાક માટે ખુલ્લો રહેશે. પરંતુ તે રોડ ઉપરથી કોઈપણ વાહન શહેર વિસ્તારમાં પ્રવેશી શકશે નહી.

(૭) બાય પાસ રોડ થી કે.એસ.ડીઝલ ચોકડીથી ચંપકભાઈ વોરા બ્રીજ થી સોરઠીયાવાડી સર્કલ સુધીનો ૮૦ ફુટ રોડ ૨૪ કલાક માટે પ્રવેશબંધી માંથી મુક્તિ ચાલુ રહેશે.

(૮) માધાપર ચાર રસ્તા જામનગર રોડ થી જુના જકાતનાકા થઈ આઈ.ઓ.સી. ડેપો અને રેલ્વે યાર્ડ સુધી માલની અવર-જવર કરવા માટે અસલબીલ/રેલ્વે રીસીપ્ટ/ગેઈટ પાસ બતાવી ટ્રક/ટેન્કર અવર-જવર કરી શકશે. અને આ મુક્તિ ચાલુ રાખવામાં આવે છે.

આ મુક્તિ શરતી છે. ભવિષ્યમાં રસ્તા પર ટ્રાફીકની દ્રષ્ટિએ જરૂર જણાયે વગર નોટીસે મુક્તિ પાછી ખેંચવામાં આવશે.

સબબ હું ગીથા જોહરી, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ) મુજબ મળેલ સતાની રૂએ ઉપરોક્ત વિગતે રાજકોટ શહેર મહાનગરપાલીકા વિસ્તારમાં ભારે વાહન પ્રવેશબંધી કરવા હુકમ કરુ છું.

વંચાણમાં લીધેલ જાહેરનામા ક્રમાંક:રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાહેરનામુ/૨૯૮/૨૦૦૭, તા.૩૧/૧/ ૨૦૦૭ બીજો હુકમ ન થાય ત્યાં સુધી મોકુફ રાખવામાં આવે છે. પરંતુ તા.૩૧/૧/૦૭ ના જાહેરનામાં અન્વયે અત્રેથી જે વાહન માલીકોને ભારે વાહન મુક્તિ પરવાનગી પત્રો આપવામાં આવેલ છે. તેની અમલવારી આ જાહેરનામાના પ્રતિબંધીત સમય દરમ્યાન પણ ચાલુ રહેશે. તેમજ આ જાહેરનામામાં દર્શાવેલ પ્રતિબંધીત સમય દરમ્યાન આવશ્યક ચીજ-વસ્તુઓની હેરાફેરી કરતા વાહનો માટે અત્રેથી ભારે વાહન મુક્તિ પરવાનગી અવશ્ય લેવાની રહેશે.

અત્રેના તા.૩૧/૧/૦૮ના ક્રમાંક: રાજ/સીપી/એલબી-૨/ટ્રાફિક/જાહેરનામું/૩૧૨/૦૮ થી ગોંડલ રોડ, ઢેબર રોડ વન-વે (એક માર્ગીય) અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે. આ જાહેરનામામાં તે અંગે કોઈ છુટ છાટ આપવામાં આવશે નહી અને જે વાહનોને ભારે વાહન મુક્તિ પરવાનગી આપવામાં આવેલ હોય તેઓએ પણ ઢેબર રોડ,ગોંડલ રોડ વન-વે નો અમલ અચૂક પણે કરવાનો રહેશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબ વાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી તથા કોર્પોરેશનની માલીકીના ભારે વાહનો ઉપર આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહી.

આજ રોજ તા. ૨ /૬/૨૦૦૮ નાં રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(ગીથા જોહરી)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

નકલ જયભારત સાથે રવાના:-
૧. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૨. જીલ્લા મેજી.શ્રી અને કલેક્ટર રાજકોટ.
૩. કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૪. નાયબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૫. મદદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ / પશ્ચિમ વિભાગ / ક્રાઈમ / એસ.સી.એસ.ટી., રાજકોટ શહેર.
૬. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૭. જયુ.ફ.ક.મેજી.શ્રી, ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
૮. સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.
૯. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
૧૦. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.
૧૧. સંયુક્ત માહિતી નિયામકશ્રી, રાજકોટ ( ૧૦ નકલમાં )
૨/- આ જાહેરનામાને બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારુ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા માટે.
૧૨. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ.
૨/- આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂં.

પોલીસ ઇન્સ્પેક્ટર
ટ્રાફીક શાખા - રાજકોટ શહેર
નંબર ... ૧૩૫૮
તારીખ - ૨/૬/૦૮

નકલ રવાના:-
૧. પો.ઈન્સ.શ્રી, બી. ડીવી. / ભ.નગર / મા.નગર / રા.તા. / પ્ર.નગર / ગાંધીગ્રામ/કુવાડવા રોડ,
૨. સીની.પો.સ.ઈન્સ. શ્રી એ.ડીવી./થોરાળા પો.સ્ટે. રાજકોટ શહેર.
૩. પો.ઈન્સ.શ્રી, ટ્રાફીકશાખા, રાજકોટ શહેર. ( ૧૦ નકલમાં )
૨/- ભારે વાહન એસોશીએશન ને બજવણી કરી રીપોર્ટ કરશો. અને ટ્રાફિક બ્રાન્ચના તમામ પોસઈ,હે.કો.,પો.કોન્સ. ને ઝેરોક્ષ નકલ સુપ્રત કરીને તમામની સહી મેળવવી.
૪. ઈન્ચાર્જશ્રી, પોલીસ કંટ્રોલ રૂમ, રાજકોટ શહેર. ( ૧૫ નકલમાં )
૨/- વર્તમાન પત્રમાં મોકલવા સારૂં.